## પ્રકરણ (૪)

### અંગરચના (રંગભૂષા)

આધુનિક રંગમંચ ઉપર આપણે જેને 'રંગભૂષા make - up કહીએ છીએ તેની વિચારણા ભરતમુનિએ 'અંગરચના' અંતર્ગત કરી છે. આધુનિક રંગમંચ ઉપર નટના કેવળ ચહેરા ઉપર પાત્રાનુરુપ રંગભૂષા કરવામાં આવે છે પરંતુ ભરતમુનિ, નટનો માત્ર ચહેરોજ નહિ પણ સમગ્ર શરીર ચિત્રિત કરવાનો આગ્રહ રાખે છે. નટનો માત્ર ચહેરો નહીં પણ સમગ્ર શરીર ચિત્રિત કરવામાં આવતું હોવાથી ભરતમુનિએ રંગભૂષાના સંદર્ભમાં 'અંગરચના' સંજ્ઞા પ્રયોજી છે.

ભરતમુનિના કથન અનુસાર રંગોના નિયમ તથા મિશ્રણ વિગેરે સમજી લઇ પાત્રની પ્રકૃતિ, વય (અવસ્થા) દેશ તથા જાતિ પ્રમાણે પાત્રોના અંગો રંગવા જોઇએ. (અધ્યાય ૨૪ શ્લોક ૯૧) અંગરચના દેશ, જાતિ, પ્રકૃતિ તથા વય અનુરુપ હોય ત્યારે જ અનુકર્તા - નટનું રુપ પરિવર્તન શકય બને છે, અને 'સ્વ' ભાવનો ત્યાગ કરી તે અનુકાર્ય રામ અને સીતાના સ્વરુપ અને ભાવ ધારણ કરી પ્રેક્ષકો સમક્ષ ઉપસ્થિત થાય છે.

અંગરચના અંતર્ગત ભરતમુનિ પ્રથમ રંગોના નિયમ અને મિશ્રણ સંબંધી ચર્ચા કરે છે. ત્યારબાદ વિવિધ પાત્રોના નિયત વર્ણ સંબંધી વિસ્તૃત આલોચના પ્રસ્તુત કરે છે તેમણે નટને અનુરુપ લગાડવામાં આવતાં દાઢી-મૂંછ સંબંધી ચર્ચા 'શ્મશ્રુકર્મ' અંતર્ગત કરી છે, જે 'અંગરચના'માં જ આવરી લેવામાં આવી છે. આ ઉપરાંત ભરતમુનિએ વિવિધ મહોરાં - Masks નો ઉલ્લેખ 'પ્રતિશિર્ષક' અંતર્ગત કર્યો છે જેનો 'અંગરચના'અંતર્ગત સમાવેશ કરી શકાય.

નાટયપ્રયોકતાએ સર્વ પ્રથમ નટના અંગોને ઉચિત વર્ણો વડે રંગ્યા પછી જ પાત્રની પ્રકૃતિ તથા કાર્ય અનુસાર વેષ ધારણ કરાવવો જોઇએ એમ જણાવી ભરતમુનિ 'વર્ણવિધાન' દ્વારા અંગરચના વિવરણનો આરંભ કરે છે. (શ્લોક ૭૪)

## વર્ણ વિધાન

નાટકમાં આવતા પાત્રોના શરીર, વિવિધ વર્ણો અર્થાત રંગોથી રંગવા જોઇએ એમ જણાવી ભરતમુનિ વર્ણના ત્રણ ભેદ નિરુપે છે. (૧) સ્વભાવજ (૨) સંયોગજ (૩) ઉપવર્ણ (શ્લોક ૭૫/૭૬ )

### સ્વભાવજ વર્ણ

સ્વભાવજ એટલે સ્વાભાવિક, મૂળભૂત.

ભરતમુનિના મત પ્રમાણે ચાર મૂળભૂત વર્ણો છે. ( basic primary colours (૧) સિત અર્થાત શ્વેત (૨) નીલ અર્થાત શ્યામ (૩) પીત અર્થાત પીળો અને રક્ત અર્થાત લાલ. (શ્લોક ૭૫)

ભરતમુનિએ ચાર પ્રકારના સ્વાભાવિક વર્ણોનો ઉલ્લેખ કર્યો છે. સિત, પીત, નીલ તથા રક્ત પરંતુ 'વિષ્ણુધર્મોત્તર પુરાણ'માં નીલની જગ્યાએ 'કૃષ્ણ' તથા 'હરિત' વર્ણને મૂળભૂત રંગ તરીકે ઓળખાવવામાં આવ્યા છે. ભરતમુનિએ 'હરિત'ને સંયોગજ વર્ણન કહયો છે.

### સંયોગજ વર્ણ

કોઇ પણ બે મૂળભૂત વર્ણોના મિશ્રણથી બનતા વર્ણો તે સંયોગજ ( Secondary ભરતમુનિ સંયોગજ વર્ણોમાં મુખ્યત્વે પાણ્ડુ, કારણ્ડવ, પદ્મ તથા હરિત, કષાય અને ગૌર વર્ણોનો ઉલ્લેખ કરે છે.

| | |
|---|---|
| પાણ્ડુ | સિત અને પીત એટલે કે સફેદ અને પીળા રંગના મિશ્રણથી બનતો રંગ. (શ્લોક ૭૭ પૂર્વાર્ધ ) |
| કારણ્ડવ | કારણ્ડવ એટલે કાપોતક કપોતના જેવો રંગ. |
| પાઠાન્તર પ્રમાણે કાપોતક ) | સિત અને નીલ અર્થાત્ સફેદ અને કાળા રંગના મિશ્રણથી બનતો રંગ. (શ્લોક ૭૭ ઉત્તરાર્ધ ) |
| પદ્મ | પદ્મ અર્થાત ગુલાબી, સિત અને રક્ત અર્થાત સફેદ અને લાલ રંગના સંયોગથી બનતો રંગ (શ્લોક ૭૮ પૂર્વાર્ધ) |

| | |
|---|---|
| હરિત | હરિત અર્થાત લીલો. પીત તથા નીલ અર્થાત પીળા અને કાળા રંગના સંયોગથી બનતો રંગ. (શ્લોક ૭૮ ઉત્તરાર્ધ ) |
| કષાય | કષાય એટલે કત્થઇ. નીલ તથા રક્ત અર્થાત્ કાળા અને લાલ રંગના સંયોગથી બનતો રંગ. (શ્લોક ૭૯ પૂર્વાર્ધ ) |
| ગૌર | રક્ત તથા પીત અર્થાત્ લાલ અને પીળા રંગના મિશ્રણથી બનતો રંગ (શ્લોક ૭૯ ઉત્તરાર્ધ) |

બે મૂળભૂત રંગોના મિશ્રણથી સંયોગજવર્ણ અથવા મિશ્રરંગ તૈયાર થાય છે પરંતુ જો અનેક રંગોને મેળવી વિશિષ્ટ રંગ બનાવવામાં આવે તો તેને ઉપવર્ણ કહેવામાં આવે છે.

## ઉપવર્ણ

બે કરતાં વધારે સ્વાભાવિક રંગોના મિશ્રણથી થતાં રંગોને ઉપવર્ણ કહે છે. ભરતમુનિ ત્રણ ચાર કે તેથી વધારે સ્વાભાવિક અથવા સંયોગજ રંગના મિશ્રણથી થતા રંગોના ઉપવર્ણમાં સમાવેશ કરે છે પરંતુ તેના દૃષ્ટાંત નિરુપતાં નથી. (શ્લોક ૮૦)

ઉપવર્ણોના પરસ્પર યોગ વડે હજારો પ્રકારના વર્ણોની યોજના થાય છે. 'વિષ્ણુધર્મોત્તર' ના મત પ્રમાણે તેની સંખ્યાની પરિગણના થઇ શકતી નથી અર્થાત ઉપવર્ણોના પરસ્પર સંયોગ વડે અનંત રંગોની વિસ્તૃત શ્રેણી તૈયાર થઇ શકે છે.

વર્ણોના મિશ્રણ સંબંધી નિયમ નિરુપતા ભરતમુનિ જણાવે છે કે આ રંગોમાં જે બલસ્થ અર્થાત ગાઢો રંગ હોય તેનો એક ભાગ તથા જે દુર્બલ અર્થાત ઓછો રંગ હોય તેના બે ભાગ લેવા. પણ નીલ રંગ જ્યારે એક ભાગ જેટલો લેવામાં આવે ત્યારે બાકીના વર્ણો ત્રણ કે ચાર ભાગ જેટલા લેવા જોઇએ કારણ કે રંગોમાં નીલ રંગ સૌથી વધારે બલવાન્ અર્થાત ગાઢ છે. (શ્લોક ૮૧-૮૨)

આમ વર્ણવિધાન અંતર્ગત ભરતમુનિ વિવિધ વર્ણોના સ્વરુપ સંબંધી વૈજ્ઞાનિક વિચારણાં રજુ કરે છે. શ્રી ગોવર્ધન પંચાલના કથન અનુસાર તમામ પારંપારિક નાટ્યસ્વરુપો ભરતમુનિએ કરેલા વર્ણવિધાનને અનુસરે છે.

All the traditional dramatic forms also use the same indigenous colours mentioned by Bharata (Kuttampalam and Kutiyattam: Page 58)

આ પ્રમાણે વર્ણો તથા અન્ય અનેક ઉપવર્ણોના યોગથી રંગોની અનેકવિધ મનોહર છાયાઓ પ્રગટે છે. તેના વડે રંગી પાત્રોને જાતિ તથા દેશાનુરુપ રીતિથી પ્રસ્તુત કરવામાં આવે છે. જેની ચર્ચા ભરતમુનિએ 'વર્ણયોજના' અંતર્ગત કરી છે.

## વ ર્ણ યો જ ના

### વિવિધ પાત્રોનાં નિયત વર્ણ

રંગોના નિયમ તથા મિશ્રણ વિગેરે સમજી લઇ પાત્રોનાં અંગોને (૧) વય (૨) પ્રકૃતિ (૩) દેશ (૪) જાતિ તથા (૫) ભૂમિકા અનુસાર રંગવા જોઇએ એવું ભરતમુનિનું વિધાન છે. (શ્લોક ૮૩ તથા ૯૧)

વિવિધ પાત્રોનાં નિયત વર્ણ તેઓ નીચે પ્રમાણે નીરુપે છે :-

દિવ્ય પાત્રોના વર્ણ

(શ્લોક ૯૨ થી ૯૪ )

| | |
|---|---|
| દેવતા, યક્ષ, અપ્સરાઓ | ગૌર વર્ણન |
| રુદ્ર, અર્ક (સુર્ય), દ્રુહિણ (બ્રહ્મા), સ્કન્દ | તપનીય પ્રભા અર્થાત સોનેરી વર્ણ |
| સોમ (ચન્દ્ર) બૃહસ્પતિ, શુક્ર, વરુણ, તારકગણ, સાગર, હિમાલય, ગંગા તથા બલરામ. | શ્વેત વર્ણ |
| અંગારક અર્થાત મંગળનો ગ્રહ | રક્ત વર્ણ |
| બુધ તથા હુતાશન અર્થાત્ અગ્નિ | પીત વર્ણ |
| નારાયણ, નર, નાગ, વાસુકી | શ્યામ વર્ણ |

| | રાક્ષસી પાત્રોમાં વર્ણ (શ્લોક ૯૫-૯૬ ) |
|---|---|
| દૈત્ય, દાનવ, રાક્ષસ, ગુહ્યક (યક્ષ) પિશાચ નાગ-પર્વતના અધિદેવતા, જળ તથા આકાશ નામધારી પાત્રો | નીલવર્ણ |
| યક્ષ, ગન્ધર્વ, ભૂત, પન્નગ (સર્પ), વિદ્યાધર પિતર, વાનર. | વિવિધ વર્ણ (નાનાવર્ણ) |

| | માનવ પાત્રો (શ્લોક ૯૭ થી ૧૦૭ |
|---|---|
| સાત દ્વીપમાં રહેનારા મનુષ્યોનો વર્ણ નાટકમાં તેમની જે ભૂમિકા અને પ્રકૃતિ હોય તદાનુસાર. | તપ્ત-કનક પ્રભા અર્થાત તપેલા સોના જેવા ગૌર વર્ણના |
| જમ્બૂદ્વીપ (અર્થાત્ વર્તમાન એશિયા) રહેવાસી | વિવિધ વર્ણ (નાનાવર્ણા) |
| જમ્બૂદ્વીપમાં આવેલ કુરુ દેશના નિવાસી | કનક પ્રભા-સોનેરી રંગ |
| ભદ્રાશ્વ દેશના નિવાસી | શ્વેત વર્ણ |
| કેતુમાલ દેશના વાસી | નીલ વર્ણ (પાઠભેદ પ્રમાણે શ્વેત વર્ણ) |
| જમ્બૂદ્વીપના ઉપરોક્ત દેશ સિવાયના નિવાસી | ગૌર વર્ણ |
| ભૂત તથા વામન | વિવિધ રંગના-ભૂતનો ચહેરો વિકૃત અથવા વરાહ, બકરો ભેંસ, હરિણ જેવો ચહેરો રાખવો જોઈએ. અહીં વરાહ, બકરો, ભેંસ, હરિણ જેવું મહોરું mask પહેરાવવાનો સંકેત પણ મળે છે. |

**ભારતીય પાત્રોના વર્ણ**

(ભારત વર્ષના નિવાસી પાત્રોના)
(વર્ણ )

( શ્લોક ૧૦૧ થી ૧૦૯ )

| | |
|---|---|
| રાજા | પદ્મવર્ણ અર્થાત ગુલાબી રંગ કે ગૌર વર્ણ અથવા શ્યામ વર્ણ |
| સુખી મનુષ્ય | ગૌર વર્ણ |
| કુકર્મી, ભૂત પ્રેતના વળગાડવાળા, બિમાર તપસ્યામાં લીન, શ્રમિક, નીચ જાતિમાં જન્મેલા (ડોમ્બ ધીવર વિગેરે ) | અસિત વર્ણ - મેલો રંગ |
| ઋષિઓ | બદર પ્રભા અર્થાત કેસરિયો |
| તપસ્વી | અસિત અર્થાત કપોત વર્ણના |

**વિવિધ જનજાતિ તથા અનુસુચિત જનજાતિના પાત્રોના વર્ણ**

(શ્લોક ૧૭૬ થી ૧૦૮ )

| | | |
|---|---|---|
| કિરાત | એક પહાડી જનજાતિ કે જે હિમાલયના વિસ્તારમાં રહે છે. | અસિત |
| બર્બર | મ્લેચ્છ જાતિની સમકક્ષ જાતિ | અસિત |
| અન્ધ્ર | આન્ધ્ર દેશના નિવાસી | અસિત |
| દ્રમિલ | આધુનિક તામિલના નિવાસી | અસિત |
| કાશી | વારાણસી રાજયના નિવાસી | અસિત |
| કોસલ | પ્રાચીન કોસલ રાજયના નિવાસી | અસિત |
| પુલિન્દ્ર | વિન્ધ્ય પહાડના વિસ્તારમાં રહેનારી જાતિ શબર, ભીલ વિગેરે. | અસિત |

| | | |
|---|---|---|
| શક | મધ્ય એશિયાની એક પહાડી રખડુ જાતિ જેણે પોતાના રાજયની સ્થાપના કરવાનો ઉદ્યમ ઈ.પુ. ૨૦૦ માં કર્યો. મનુસ્મૃતિ (૧૦/૪૪) માં શકોનો ઉલ્લેખ મળે છે. | ગૌર |
| યવન | યુનાન નિવાસી - ગ્રીક જાતિ | ગૌર |
| પહ્લવ (પલ્હવ) | પર્શિયન જાતિ કે જે પશ્ચિમ પંજાબમાં ઈ.સ. પુ. ૧૭૦ ના અરસામાં વસી હતી. | ગૌર |
| વાહિનક (વાહીક, વાલ્હીક) | વલ્ખ પ્રદેશના નિવાસી | ગૌર |
| ઉત્તર દિશાના અન્ય નિવાસી | | ગૌર |
| પાંચાલ | દ્રુપદનું રાજય યમુના તથા ગંગાનો મધ્યવર્તી દેશ-ત્યાંના નિવાસી | શ્યામ |
| શૌર સેન | મથુરાના વાસી | શ્યામ |
| ઉડ્ર (ઓડ્ર) | એક જનજાતિ જે હાલના ઓરિસ્સામાં રહેતી હતી. | શ્યામ |
| અંગ | બિહારમાં વર્તમાન ભાગલપુર પાસે આવેલ પ્રાચીન રાજયના નિવાસી | શ્યામ |
| બંગ | પૂર્વ બંગાળ પ્રદેશના વાસી | શ્યામ |
| કલિંગ | કલિંગ દેશના વાસી | શ્યામ |

ચાર વર્ણોના પાત્રોના વર્ણ

(શ્લોક ૧૭૯)

| | |
|---|---|
| બ્રાહ્મણ તથા ક્ષત્રિય | ગૌર વર્ણ |
| વૈશ્ય તથા શુદ્ર | શ્યામ વર્ણ |

બ્રાહ્મણ તથા ક્ષત્રિયનો ગૌરવર્ણ તાત્કાલીન જાતિઓની શારીરિક વર્ણસ્થિતિ અથવા તેમની ચામડીનો રંગનો નિર્દેશ કરે છે. વૈશ્ય જાતિ પરિશ્રમી જાતિ હોવાને લીધે તથા બ્રાહ્મણ તથા ક્ષત્રિય જાતિથી ઉતરતી હોવાને લીધે શ્યામ વર્ણ જણાવવામાં આવ્યો છે જે વૈશ્ય જાતિની તત્કાલીન સ્થિતિનો નિર્દેશ કરે છે.

## રસાનુરૂપ વર્ણ યોજના

પાત્રની મનોદશા (રસ-દશા) ને અનુરૂપ પાત્રની અંગરચનાનો વર્ણ વિહિત છે. પ્રત્યેક રસ માટે પૃથક્ વર્ણ નક્કી કરવામાં આવ્યો છે તદાનુસાર શૃંગાર રસ શ્યામ, હાસ્ય શુભ્ર, કરુણ ધૂસર, રૌદ્ર રક્ત, વીર ગૌર, ભયાનક કૃષ્ણ, અદ્ભૂત પીત અને બિભત્સ નીલ વર્ણનો હોય છે. (અધ્યાય ૬ શ્લોક ૪૭/૪૮)

## વર્ણ યોજના અંગે નિયમો

રંગોના નિયમ તથા મિશ્રણ વિગેરે સમજી લીધા પછી પાત્રોના અંગોને પ્રકૃતિ, વય, અવસ્થા, દેશ, જાતિ તથા પાત્રગત વિશેષતાઓ પ્રમાણે રંગવા જોઇએ. (શ્લોક ૯૧) ભારતીય માનવો નિર્દિષ્ટ નિયમ પ્રમાણે રંગવા જોઇએ. પરંતુ કોઇ કારણ અથવા અપેક્ષાવશ અથવા કોઇની ઇચ્છા પ્રમાણે તેમને દેશ જાતિ તથા સ્વભાવ પ્રમાણે રંગવા જોઇએ. (શ્લોક ૧૦૪) વર્ણયોજના સંબંધી સુત્રાત્મક ચર્ચા કરતાં ભરતમુનિ જણાવે છે કે -

> દેશં કર્મ જાતિશ્ચ પૃથિવ્યદ્દેશ સંશ્રયમ્ ।
> વિજ્ઞાય વર્તના કાર્યા પુરુષાણાં પ્રયોગત : (શ્લોક ૧૦૫)

અર્થાત નાટ્યનિર્દેશકે પાત્રોના દેશ, કર્મ, જાતિ તથા પૃથ્વી પરના પ્રદેશનું જ્ઞાન રાખી તદાનુસાર તેમના શરીર રંગવા જોઇએ. વિવિધ વર્ણો અને ઉપવર્ણોના સંયોગથી પાત્રની વિભિન્ન અવસ્થા અનુસાર સુખદુ:ખાત્મક ભુમિકા પણ રજુ કરી શકાય છે, તેવો ભરતમુનિનો આશય છે.

ભરતમુનિએ 'નિરુપેલા' વર્ણ યોજના વિધાનનો અભ્યાસ કરતાં જણાય છે કે અંગરચનામાં નાટયધર્મી અને લોકધર્મી એ બંને પ્રકારની પ્રયોગશૈલીનો વિનિયોગ થયો છે. દેવતાઓ અને વિદ્યાધર, સિદ્ધ, નાગ, ગાંધર્વ વિગેરે દિવ્ય પાત્રો લૌકિક મર્યાદાઓ earthly limitations થી મુકત હોવાથી તેમની અંગરચના-રંગભૂષા નાટયધર્મી conventional પ્રકારની રહે છે. આ ઉપરાંત મર્ત્યલોકના માનવીય-પાત્રોની રંગભૂષા પણ કયારેક નાટયધર્મી પ્રકારની રહે છે. જેમ કે '' સુખી મનુષ્યનો વર્ણ ગૌર રાખવો જોઈએ - સુખિનો મર્ત્યા ગૌરા: ! કુકર્મી, ભૂતપ્રેતમાં વળગાડવાળા, બિમાર, તપસ્યામાં લીન, શ્રમિક, નીચ જાતિમાં જન્મેલા પાત્રોનો વર્ણ 'અસિત' રાખવો જોઈએ. ઋષિઓનો રંગ નિત્ય. બદરપ્રભા અર્થાત્ કેસરિયો રાખવો જોઈએ. તપસ્વીઓનો વર્ણ અસિત રાખવો જોઈએ.-'' આ તમામ વિધાનો નાટયધર્મી રંગભૂષાનો સંકેત કરે છે તો 'નાટય પ્રયોકતાએ નાટકનું ક્રિયાસ્થળ 'દેશ', ક્રિયાસમય 'કાળ' પાત્રના જન્મ અને નિવાસ સ્થળ અનુરુપ પાત્રની રંગભૂષા રાખવી જોઈએ.'' એ વિધાન તથા વિવિધ જનજાતિ તથા અનુસૂચિત જનજાતિના પાત્રોની રંગભૂષા સંબંધી વિધાનો (શ્લોક ૧૦૬ થી ૧૦૮) લોકધર્મી પ્રકારની રંગભૂષાનો સંકેત કરે છે.

શ્રી પ્રમોદ કાળેનું નિમ્નલિખિત વિધાન આ સંદર્ભમાં તપાસવા જેવું છે. ''વર્ણભેદ દ્વારા પાત્રભેદ તેમજ પાત્રના દેશ, કાળ, જાતિ પ્રકૃતિ, વય ભેદનો સંકેત-તત્સંબંધી ભરતમુનિની સુક્ષ્મદર્શી ચર્ચા પ્રાચીન ભારતીયોની વર્ણ-જાગરુકતા colour consciousness નું ભવ્ય પ્રમાણ છે. અહીં પણ એ યાદ રાખવું ઘટવું કે અહીં વર્ણયોજનાની સમગ્ર વિચારણા નાટક theatre ના સંદર્ભમાં થઈ છે. તેનું કાર્ય વાસ્તવદર્શી realistic નહીં પણ સંકેતાત્મક symbolic છે. વર્ણયોજના colour-scheme પ્રેક્ષકને પાત્રનો સામાજિક અને પરિસ્થિતિમૂલક સંદર્ભ ઉપલબ્ધ કરાવી આપવામાં મદદરુપ બને છે અને એ રીતે થોકબંધ શબ્દો જે વાત કહી શકતા નથી તે તે પળવારમાં કહી આપે છે.'' ( The Theatric Universe : Page 122

વર્ણવિધાનના નિરુપણ પછી ભરતમુનિ 'રમશ્રુકર્મ' વર્ણવે છે.

## શ્મશ્રુકર્મ

શ્મશ્રુ અર્થાત દાઢી અને મૂંછ. ભરતમુનિનું વિધાન છે કે પાત્રોના મુખ તથા વિભિન્ન અંગપ્રદેશો રંગ્યા પછી દાઢી મુછ લગાડવાં.

શ્મશ્રુ પ્રયુક્ષીત દેશકાલવયોઽનુગમ ।

અર્થાત પાત્રના સ્થળ, સમય તથા વય, અવસ્થા અનુસાર દાઢી મુછ રાખવા જોઇએ. (શ્લોક ૧૧૦ ઉત્તરાર્ધ )

મનુષ્યની અવસ્થા પ્રમાણે બદલાતા (નાનાવસ્થાન્તરાત્મકમ્ ) દાઢી મુછ (શ્મશ્રુ) ના ચાર ભેદ ભરતમુનિ વર્ણવે છે.

(૧) શુકલ : (શુધ્ધ) અર્થાત્ સફાચટ દાઢીમુછ/પાઠાન્તરે શ્વેત રંગના દાઢીમુછ.

(૨) શ્યામ : કાળા રંગના દાઢી મુછ.

(૩) વિચિત્ર : વિશેષ પ્રકારના દાઢી મુછ

(૪) રોમશ : સ્વાભાવિક રીતે વધેલા દાઢી મુછ.

(શ્લોક ૧૧૧)

શુકલ શ્મશ્રુ' નો અર્થ 'સફાચટ દાઢી મુછ ' અર્થાત્ દાઢી મુછ વિનાના ચહેરાનો સંકેત કરે છે. અહીં એ સ્પષ્ટતા કરવી ઘટે કે 'શુકલ'ની જગ્યાએ 'શુધ્ધ' પાઠભેદ પણ મળે છે જે સફેદ -શ્વેત રંગના દાઢી મૂંછનો સંકેત કરે છે. કેટલાક નાટયવિવેચકો 'શુકલ' પાઠભેદ સ્વીકારે છે તો કેટલાક 'શુધ્ધ'.

'શ્મશ્રુ' ના વિવિધ પ્રકારો નિરુપ્યા પછી ભરતમુનિ શ્મશ્રુના વિનિયોગ સંબંધી ચર્ચા 'શ્મશ્રુ યોજના' અંતર્ગત કરે છે.

## શ્મશ્રુ યોજના

(શ્લોક ૧૧૨ થી ૧૧૬ )

શ્મશ્રુ યોજના અંતર્ગત કયા પાત્રના કેવા દાઢી મુંછ હોવા જોઇએ તે વિશે ભરતમુનિએ વિસ્તૃત ચર્ચા કરી છે તે પ્રમાણે :-

| | |
|---|---|
| સંન્યાસી, મંત્રી, પુરોહિત, મધ્યસ્થ-અર્થાત્ જે ન તો બ્રહ્મચારી હોય ન તો વાનપ્રસ્થી પણ વચ્ચેની અવસ્થાનો અર્થાત ગૃહસ્થ સાધુ હોય અને જે માથું મુંડાવી ભીખ માંગતો હોય. દીક્ષિત (દીક્ષા ગ્રહણ કરેલો વ્યક્તિ) - શુકલ અર્થાત્ સફાયટ અને શુધ્ધ પાઠ પ્રમાણે બ્લેડ અને કાતર વડે કાપો ઠીક ઠીક કરેલા એવો શ્રી જો.કે.ભટનો અભિપ્રાય છે. | શુકલ |
| પ્રતિજ્ઞાને પૂર્ણ ન કરનાર (પરિસ્થિતિવશ, સમય વિપરીત હોવાને લીધે), દુખી, તપસ્વી તથા આપત્તિગ્રસ્ત પાત્રે. | શ્યામ |
| સિધ્ધ, વિદ્યાધર, રાજા, રાજકુમાર, યુવરાજ, રાજસેવક, શૃંગારી, યૌવનોન્માદી અર્થાત્ યૌવનનો અભિમાની એટલે કે યુવા અવસ્થામાં વિધમાન અમાત્ય તથા પુરોહિતો પણ. (અભિનવગુપ્ત) | વિચિત્ર |
| ઋષિ, તપસ્વી, દીર્ઘકાલીન વ્રતધારી, વલ્કલ ચીરધારી મુનિજન | રોમશ |

શ્મશ્રુ વિધાનના વિધવિધ પ્રકારોમાં વિવિધ પ્રકારની સામાજિક, ધાર્મિક તથા માનસિક પરિસ્થિતિઓનો આધાર લેવામાં આવ્યો છે. આ ઉપરાંત ધર્મીતાની અસર પણ જોવા મળે છે. શ્મશ્રુ ધ્વારા પાત્રના દેશ જાતિ અને પ્રકૃતિનો સંકેત કરવો તેમાં નાટયધર્મીતા રહેલી છે.

ભરતમુનિએ પ્રતિશિર્ષક - (સંદર્ભ પ્રમાણે શિરોવેષ્ટન અને મહોરું એ બંને અર્થ લઇ શકાય છ) સંબંધી ચર્ચા કરી છે. જે અંગરચનામાં આવરી લેવાય, તેમ હોવાથી તેની ચર્ચા અત્રે પ્રસ્તુત કરવામાં આવી છે.

## પ્રતિશિર્ષક

ભરતમુનિનુ વિધાન છે કે દિવ્ય તથા મનુષ્ય પાત્રોનાં દેશ જાતિ તથા અવસ્થા પ્રમાણે પ્રતિશિર્ષક પણ બનાવવા જોઇએ. (શ્લોક ૧૩૩)

પ્રતિશિર્ષક એટલે મહોરું, માસ્ક. પ્રાચીન સમયમાં મહોરાનો ઉપયોગ દરેક પાત્ર માટે થતો કે કોઇ વિશિષ્ટ પાત્ર માટે થતો તેનો સ્પષ્ટ નિર્દેશ સાંપડતો નથી પણ

કોઈ વિશિષ્ઠ પાત્ર માટે તેનો ઉપયોગ થતો હોવાનો સંભવ વધારે. અભિનવગુપ્તની ટીકા પ્રમાણે પ્રકૃતિરુપં શિરઃ પ્રતિશીર્ષકમ્ અર્થાત (પાત્રની) પ્રકૃતિ પ્રમાણે શિર-મસ્તક-માથું--ચહેરો ધારણ કરવો. પ્રાકૃતભાષામાં પણ આ શબ્દનો પ્રયોગ મળે છે. કર્પૂર મંજરી (જવ-૧) માં પડિસીસ્સ શબ્દનો પ્રયોગ આજ અર્થમાં થયો છે.

ભરતમુનિએ 'ભૂત તથા વામન' પાત્રો માટે વિકૃત ચહેરો ધરાવતું અથવા વરાહ, બકરું, ભેંસ, હરણ જેવો ચહેરો ધરાવતું મહોરું Mask પહેરાવવાનો સંકેત કર્યો છે. (શ્લોક ૧૦૦) આ ઉપરાંત પ્રાણીઓનો મંચ ઉપર પ્રવેશ થાય ત્યારે તેને અનુરુપ મહોરું પહેરાવવાનો વિધાન પણ ભરતમુનિએ કર્યું છે. જેની ચર્ચા 'સંજીવનેપથ્ય' પ્રકરણમાં કરવામાં આવી છે.

આમ 'અંગરચના' અંતર્ગત ભરતમુનિએ નટને પાત્રનું બાહય સ્વરુપ ઉપસાવી આપવામાં મદદરુપ બનતી રંગભૂષા સંબંધે વિસ્તૃત ચર્ચા કરી છે. પાત્ર જે પ્રદેશનો નિવાસી હોય તે દેશ, ઉપરાંત નાટ્યક્રિયાના સ્થળ અને કાળ તથા પાત્રની પ્રકૃતિ અને વય અનુસાર રંગભૂષા કરવાનો ભરતમુનિએ રાખેલો આગ્રહ તેમની યથાર્થ દૃષ્ટિનો પરિચય કરાવે છે. તો દિવ્ય પાત્રો અને દેવતાઓના પાત્રોને મનુષ્ય પાત્રોથી ભિન્ન તારવવા માટે નાટ્યધર્મીતાનો વિનિયોગ તેમની કલાદૃષ્ટિનું પ્રમાણ આપે છે.

ભરતમુનિની અંગરચના સંબંધી ચર્ચાનું પુનઃ નિરુપણ 'વિષ્ણુધર્મોત્તર પુરાણ'માં જોવા મળે છે. અન્ય નાટ્યશાસ્ત્રીય ગ્રંથો-ભાવપ્રકાશન, અભિનયદર્પણ, નાટકલક્ષણરત્નકોશ, સંગીત રત્નાકર, દશરુપક, નાટયદર્પણમાં આહાર્ય અભિનયનો ઉલ્લેખ છે પણ અંગરચના સંબંધી ચર્ચા નથી.